शरद पवार
SHARAD PAWAR

D.O. No. 1421 /AM

कृषि एवं खाद्य प्रसंस्करण उद्योग मंत्री
भारत सरकार
MINISTER OF AGRICULTURE &
FOOD PROCESSING INDUSTRIES
GOVERNMENT OF INDIA

**D.O. No.7-1/2012-DM**
6th **May, 2013**

Dear Shri Gohil,

During Kharif-2012, Govt. of Gujarat declared drought in 132 talukas in the State. On the basis of assessment of Inter-Ministerial Central Team (IMCT) that visited the State and recommendation of Inter-Ministerial Group (IMG), Government of India has approved Rs. 864.71 crore from National Disaster Response Fund (NDRF) to Gujarat for mitigating drought situation, subject to adjustment of 75% of fund available in the State Disaster Response Fund (SDRF) account of the State.

As per the communication received from Ministry of Home Affairs dated 28th March, 2013, Rs. 1909.72 crore SDRF is already available for the Government of Gujarat.

With regards,

Yours Sincerely

**(SHARAD PAWAR)**

Shri Shaktisinh Gohil
Former Leader of Opposition, Gujarat,
202, Rajvi Tower Rajvansh Building,
Satya Marg, Bodakdev,
Ahmedabad - 380054

Office : Room No. 120, Krishi Bhawan, New Delhi-110 001 Tel.: 23383370, 23782691 Fax : 23384129
Resi. : 6, Janpath, New Delhi-110 011 (India) Tel. : 011-23018870, 23018619 Fax : 011-23018609
E-mail : sharadpawar.sp@gmail.com

અછત ૨૦૧૨-૧૩ ના વર્ષમાં રાજ્ય સરકાર જાહેર કરે તે અછત / અર્ધ અછતગ્રસ્ત વિસ્તારમાં આવેલી પાંજરાપોળ / ગૌશાળાઓને પશુસહાય ચુકવવા અને તેનું ધોરણ (પાત્રતા) નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર.
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અછત-૨૦૨૦૧૨-૪૨૪-સ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/03/૨૦૧૩.

સંદર્ભ :- (૧) મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંક: અછત-૨૦૨૦૦૨-૧૨૧૧-સ.૧ તા. ૨૧/૧૨/૦૨
(૨) મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંક: અછત-૨૦૨૦૧૨-૪૨૪-સ.૧, તા.૨૧/૮/૧૨
(૩) મંત્રીમંડળની પેટા સમિતિની બેઠકનો તા.૧૮/૩/૨૦૧૩નો નિર્ણય.
(૪) મ.વિ.નો ઠરાવ ક્રમાંક:અછત/૧૦૨૦૧૨/૩૮૬/સ૧,તા.૨૬/૩/૧૩.

**-:ઠરાવ :-**

વંચાણે લીધેલ (૧)ના ઠરાવથી રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં આવેલી પાંજરાપોળ/ ગૌશાળાઓને પશુસહાય ચુકવવા અંગેનું ધોરણ / પાત્રતા નકકી થયેલા છે. વંચાણે લીધેલ (૨) ના ઠરાવથી પશુ સહાયનું દૈનિક ધોરણ પશુદીઠ રૂ.૨૫/-નું ઠરાવેલ છે. જે વંચાણે લીધેલ (૩)થી યથાવતરાખવા નિર્ણય લેવાયેલ છે.

વંચાણે લીધેલ (૪) ના ઠરાવથી ચાલું વર્ષ ૨૦૧૨-૧૩માં રાજ્યના ૧૦ જીલ્લાના ૨૧ તાલુકાના ૯૩૯ ગામો અછતગ્રસ્ત અને ૫૮ તાલુકાના ૨૯૭૯ ગામોને અર્ધ અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ (૪) ના તા.૨૬/૩/૧૩ના ઠરાવમાં જાહેર કરેલ તથા તેમાં વખતો વખત ફેરફારથી રાજ્ય સરકાર જાહેર કરે તે અછત / અર્ધઅછત ગ્રસ્ત વિસ્તારમાં જ સ્થિત થયેલ હોય અને પાંજરાપોળ / ગૌશાળા ચલાવવાના હેતુ માટે જ રજીસ્ટર્ડ થયું હોય તેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોય તેવી જ કાયમી પાંજરાપોળ / ગૌશાળાના અછત જાહેર થાય તે તારીખથી તેના જૂના પશુઓ (કાયમી ઓપનીંગ બેલેન્સ) અને અછત જાહેર થયા બાદ નવા અછત/ અર્ધ અછતગ્રસ્ત વિસ્તારના વ્યકિતગત ખાતેદારોના સંબંધિત મામલતદારના પ્રમાણપત્ર સાથે દાખલ થયેલ પશુઓને રાહત નિયમ સંગ્રહના પ્રકરણ-૧૨ના નિયમ-૧૬૯(ગ) અને પરિશિષ્ટ-૧૩ની જોગવાઇઓ મુજબ પશુદીઠ દૈનિક રૂા.૨૫ (રૂા.પચ્ચીસ પૂરા/-) લેખે પશુ સહાય નીચેની શરતો / સિધ્ધાંતોને આધીન ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે:-

(૧) આ ઠરાવનો અમલ અછત જાહેર થાય તે દિવસથી અછત પૂર્ણ થાય (વર્ષાકાલીન નીતિ અનુસાર) તે દિવસ સુધી જ અમલમાં રહેશે.

(૨) શહેરી વિસ્તાર/ નગરપાલિકા, નગરપંચાયત વિસ્તારમાં અછત જાહેર થતી ન હોવાથી આવા વિસ્તારની પાંજરાપોળ / ગૌશાળાના અછતની તારીખ અગાઉના પોતાના કાયમી પશુઓને પશુ સહાય મળશે નહિ. પરંતુ જે-તે જીલ્લામાં જ ૪૦ કિ.મી. ની ત્રિજ્યામાં આવેલ. બિનઅછતગ્રસ્ત વિસ્તારમાં આવેલ પાંજરાપોળ / ગૌશાળામાં અછતગ્રસ્ત વિસ્તારમાંથી વ્યક્તિગત ખાતેદારના નવા પશુઓ સંબંધિત મામલતદારશ્રીના પ્રમાણપત્ર સાથે આવ્યા હોય પરંતુ તે જીલ્લા બહારના ન હોય તો ઉપર સુચવ્યા મુજબ પશુ સહાયને પાત્ર થશે.

(૩) પાંજરાપોળ / ગૌશાળા કાયમી હોવી જોઈએ અને તેનું સંચાલન પાંજરાપોળ / ગૌશાળા ચલાવવાના હેતુસર જ રજીસ્ટર્ડ થયેલ ટ્રસ્ટ દ્વારા સંચાલન થતું હોવું જોઈએ. આવી પાંજરાપોળ / ગૌશાળાને પશુસહાયપાત્ર બનાવવા પૂર્વ મંજુરી આપવાની રહેતી નથી. અન્ય હેતુ માટે રજીસ્ટર્ડ થયેલ ટ્રસ્ટ દ્વારા ગાયોની નિભાવણીની કામગીરી કરતી સંસ્થાના પશુઓ પશુસહાયને પાત્ર બનશે નહી પરંતુ આવી સંસ્થાના સંચાલકોએ પશુસહાય માટે માંગણી કર્યેથી સંબંધિત પ્રાંત અધિકારીશ્રીએ આવી સંસ્થાની માંગણી રાહત નિયમ સંગ્રહની જોગવાઈઓ અન્વયે કેટલકેમ્પ તરીકે મંજુર કરવાને પાત્ર થતી હોય તો જ વિચારણા કરી આવી સંસ્થાને સંબંધિત પ્રાંત અધિકારીશ્રી કેટલકેમ્પ ચલાવવાની મંજુરી આપે તો તે દિવસથી જ તેવી સંસ્થાના પશુઓ (ગાયો) સબસીડીને પાત્ર બનશે. આથી દરખાસ્ત મળતાં દિન-૭ (સાત)માં પ્રાંત અધિકારીશ્રીએ જે તે નિર્ણય લઈ તેની લેખિત જાણ સંસ્થાને કરવાની રહેશે.

(૪) ઉપરની જોગવાઈઓ મુજબ પશુ સહાયને પાત્ર થતી હોય તેવી પાંજરાપોળ / ગૌશાળાની અછત જાહેર થતાં સંબંધિત મામલતદારે રૂબરૂ મુલાકાત લઈ સંસ્થાના પશુઓની ભૌતિક ગણતરી કરી તેની એક નકલ સંબંધિત એટીવીટી પ્રાંત અધિકારીશ્રી, કલેક્ટરશ્રી અને રાહત નિયામકશ્રી, મહેસુલ વિભાગને મોકલી આપવાની રહેશે. અને ત્યારબાદ પ્રતિ મહિનામાં ઓછામાં ઓછી ત્રણ મુલાકાતો સંબંધિત મામલતદાર અને જિલ્લા કચેરીના અધિકારી દ્વારા લઈ નિયમિત તપાસણી થાય અને સંસ્થામાં નિભાવવામાં આવતાં મુલાકાતી રજીસ્ટરમાં તે મુલાકાતની યોગ્ય નોંધ થાય તેવી વ્યવસ્થા સંબંધિત પ્રાંત અધિકારીના સંકલનમાં જીલ્લા કલેક્ટરશ્રીએ ગોઠવવાની રહેશે.

(૫) પાંજરાપોળ / ગૌશાળાના પશુઓને સરકારી ઘાસ ડેપોમાંથી રાહત દરે અથવા પોષણક્ષમ ભાવથી ઘાસ મળવાપાત્ર થશે નહી.

(૬) પાંજરાપોળ / ગૌશાળા નિભાવવા તથા તેના પશુઓને પશુસહાય ચુકવવા માટે ગુજરાત રાહત નિયમ સંગ્રહ ૧૯૯૩ માં નિયત કરેલ જોગવાઈઓનું સંબંધિત પાંજરાપોળ / ગૌશાળાઓએ પાલન કરવાનું રહેશે.

(૭) એટીવીટી પ્રાંતે જે તે સંસ્થાના ઢોર અંગે વહીવટીય હુકમથી મંજુરી આપવાની રહેશે અને તેની જાણ જિલ્લા કલેકટરશ્રી તેમજ રાહત નિયામકશ્રીની કચેરીને મોકલવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૭૯ (આયોજન બહાર) અંદાજપત્રના મુખ્યસદર ૨૨૪૫- કુદરતી આપત્તિ અંગે રાહત પેટા મુખ્યસદર - (૦૧) - અનાવૃષ્ટિ – ગૌણસદર –(૧૦૪) ઘાસચારાનો પુરવઠો – પેટાસદર (૨) – પાંજરાપોળ – ગૌશાળાને સહાયકી (કેટલ કેમ્પ) હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી પાડવાનો રહેશે.

આ ઠરાવ તા:૧૮/૩/૨૦૧૩ની અછત અંગેની મંત્રી મંડળની પેટા સમિતિમાં મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગુણવંત વાઘેલા)
નાયબ સચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
તમામ માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
તમામ માન. રાજય કક્ષાનાં મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
રાહત કમિશ્નર અને અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
રાહત નિયામક અને નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગૌસેવા આયોગ, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લૉક નં. ૬/૨, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લાના એટીવીટી પ્રાંત અધિકારીશ્રીઓ,મહેસૂલ વિભાગ
સચિવાલયના સર્વે વિભાગો.
પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેકટર-૧૦ બી, ગાંધીનગર.
કૃષિ નિયામકશ્રી, કૃષિભવન, સેકટર- ૧૦ બી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
મહેસૂલ વિભાગની સર્વે શાખાઓ.
સીસ્ટમ મેનેજરશ્રી,-મહેસૂલ વિભાગની સાઇટ પર મુકવા વિનંતી છે.
સીલેકટ ફાઇલ-સ.૧ શાખા.

નામ :- ..........................................
રહે. :- ..........................................
ગામ :- ..........................................
તારીખ :- ........................

પ્રતિ,

મામલતદારશ્રી,

ભાવનગર ગ્રામ્ય

વિષય :- <u>અછત વર્ષ : ૨૦૧૨-૧૩, ઘાસ કાર્ડ આપવા બાબત</u>

(૧) નામ :-

(૨) વ્યવસાય :-

(૩) પશુધન ગણત્રીના રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક :-

નોંધાયેલ પશુઓ :-

ગાય :-

ભેંસ :-

બળદ :-

કુલ :-

(૪) અરજદારના રેશનકાર્ડ નંબર :-

પ્રકાર :

રેશકાર્ડ મુજબ કુંટુંબના સભ્યની સંખ્યા :-

(૫) અરજદારના / કુંટુંબના સભ્યોના નામે જમીનની વિગત :-

૧. ૮-અ ખાતા નંબર :- કુલ જમીન હે. :-

૨. ૮-અ ખાતા નંબર :- કુલ જમીન હે. :-

(૬) ધારણ કરેલ જમીન મુજબ પ્રકાર :- ☐ મોટાખેડુત ☐ નાના ખેડુત ☐ સિમાંત ખેડુત ☐ જમીન વિહોણા

(૭) દુધ મંડળીના સભ્ય છે ? હા / ના

અરજદારની સહી

---

<u>પ્રમાણપત્ર</u>

અરજદારની ઉપરની વિગતોની ચકાસણી કરી છે અને બરાબર માલુમપડી છે.પશુઓ માટે ઘાસ કાર્ડ આપવા ભલામણ છે.

તલાટી કમ મંત્રી

---

પશુઓ માટે કાર્ડ ઈસ્યુ : તારીખ :- ______________

કાર્ડ ઉપરનો પ્રિન્ટેડ નંબર :- ______________

તાલુકાના કાર્ડ ઈસ્યુ રજીસ્ટરનો નંબર :- ______________